ન્યૂઝીલેન્ડ સામે વન ડે સીરિઝમાં બિનઅનુભવી બોલિંગ ભારત માટે ચિંતાનો વિષય

ગુરનુર બ્રાર, અંશુલ કંબોજ, આકિબ નબી અને યશ ઠાકુરે મળીને કુલ 11 વન ડે રમી છે

બોલરોના ઓછા ઇન્ટરનેશનલ અનુભવથી બોલિંગ કોમ્બિનેશન નક્કી કરવાનો મોટો પડકાર

મહંમદ સિરાઝ ત્રણ વન ડે પછી ટેસ્ટ ટીમમાં જોડાશે તેથી અંતિમ બે વન ડેમાં બધો ભાર અર્શદીપ પર



ઓકલેન્ડ, તા. 02 (પીટીઆઇ) : ગુરનુર બ્રાર, અંશુલ કંબોજ, આકિબ નબી અને યશ ઠાકુરને ઈન્ટરનેશનલ ક્રિકેટનો ખૂબ ઓછો અનુભવ હોવાથી ભારતીય ટીમ મેનેજમેન્ટ માટે બુધવારથી શરૂ થતી ન્યુઝીલેન્ડ સામેની પાંચ મેચની વન ડે સીરિઝમાં બોલિંગ કોમ્બિનેશન નક્કી કરવું એક મોટો પડકાર હશે. આ ચારેય બોલરે મળીને અત્યાર સુધી ફક્ત 11 વનડે રમી છે. તેથી, અનુભવી અને સંતુલિત ન્યુઝીલેન્ડ ટીમ સામે ભારતીય બોલરોની ચોક્કસ કસોટી થશે.

સીરિઝમાં બે વધારાની વન ડેનો સમાવેશ કરવાના BCCIના નિર્ણય અંગે વિવિધ દ્રષ્ટિકોણ છે. કેટલાક લોકો તેને ન્યુઝીલેન્ડ ક્રિકેટ (એનઝેડસી) માટે રોહિત શર્મા અને વિરાટ કોહલીના દેશના અંતિમ પ્રવાસનો વ્યાપારી રીતે લાભ લેવાની તક તરીકે જોઈ શકે છે, જ્યારે અન્ય લોકો તેને ખરાબ શેડ્યૂલ મેનેજમેન્ટના પરિણામે જોઈ શકે છે. આ ફેરફારને કારણે, ભારતે નબળા બોલિંગ આક્રમણ સાથે મેદાનમાં ઉતરવું પડી શકે છે. નોંધનીય છે કે વન ડે ટીમમાં સમાવિષ્ટ તમામ બોલરો ન્યુઝીલેન્ડની ધરતી પર તેમની પહેલી વન ડે સીરિઝ રમશે.

મોહમ્મદ સિરાજ ભારતીય આક્રમણમાં સૌથી અનુભવી બોલર છે જેણે 51 વનડેમાં 77 વિકેટ લીધી છે. ટેસ્ટ ક્રિકેટની તૈયારી માટે તે પ્રથમ ત્રણ મેચ પછી ટીમ છોડી દે તેવી શક્યતા છે. ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી પણ પ્રથમ વનડે પછી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની તૈયારીઓ માટે ઉપલબ્ધ રહેશે નહીં.

આવી સ્થિતિમાં, 18 વનડેનો અનુભવ ધરાવતા અર્શદીપ સિંહ છેલ્લી બે વનડેમાં બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરશે. ગુરનુર બ્રાર નવ વનડે, અંશુલ કંબોજ એક વનડે, અને આકિબ નબી એક વનડેનો અનુભવ ધરાવે છે અને તેઓ ટીમનો ભાગ છે. છેલ્લી બે વનડે માટે ટીમમાં સામેલ કરાયેલા યશ ઠાકુરે હજુ સુધી વનડેમાં ડેબ્યૂ કર્યું નથી.

કિમી એન્ટોનેલીએ સૌથી યુવા વયે F1 ચેમ્પિયનશિપ જીતીને ઇતિહાસ રચ્યો

મેક્સિકન ગ્રાન્ડ પ્રીક્સમાં ત્રીજા સ્થાને રહેવા છતાં એન્ટોનેલી 20 વર્ષની વયે ફોર્મ્યુલા વન ચેમ્પિયન બન્યો

આ પહેલા સેબેસ્ટિયન વેટ્ટેલે 2010માં 23 વર્ષની વયે સૌથી યુવા વયે F1 ચેમ્પિયન બનવાનો રેકોર્ડ બનાવ્યો હતો

ચેમ્પિયનશિપ સ્ટેન્ડિંગમાં 380 પોઇન્ટ સાથે એન્ટોનેલી ટોપ પર, બાકીની ચાર રેસ કોઇપણ જીતે છતાં તેને આંબી નહીં શકે

મેક્સિકો સિટી, તા. 02 (એપી) : મેક્સીકન ગ્રાન્ડ પ્રિક્સમાં ઇટાલીનો કિમી એન્ટોનેલી ભલે ત્રીજા સ્થાને રહ્યો હોય, પરંતુ તેણે માત્ર 20 વર્ષની ઉંમરે ફોર્મ્યુલા વન ચેમ્પિયનશિપ જીતીને ઇતિહાસ રચ્યો હતો. મર્સિડીઝ ડ્રાઈવર મેક્સીકન ગ્રાન્ડ પ્રિક્સ વિજેતા મેક્સ વર્સ્ટપેન અને લુઈસ હેમિલ્ટન પછી ત્રીજા સ્થાને રહ્યો, પરંતુ ચેમ્પિયનશિપ સુરક્ષિત કરવા માટે તે પૂરતું હતું. રેસ પૂર્ણ કર્યા પછી તે ખૂબ જ ખુશ હતો.

એન્ટોનેલીએ કહ્યું કે હું ફક્ત જે બન્યું તે સમજવાનો પ્રયાસ કરી રહ્યો છું. જ્યારે તમે ખૂબ મહેનત કરો છો અને અંતે તે પ્રાપ્ત કરો છો, ત્યારે તે ખરેખર ખાસ હોય છે. એન્ટોનેલી પહેલા, સૌથી નાની ઉંમરના ચેમ્પિયનનો રેકોર્ડ સેબેસ્ટિયન વેટ્ટેલના નામે હતો, જેમણે 2010 માં 23 વર્ષની ઉંમરે આ સિદ્ધિ મેળવી હતી. એન્ટોનેલી સાથે તેના માતાપિતા અને નાની બહેન પણ હતા. તેણે કહ્યું કે લાગણીઓ ઉભરાઈ રહી છે. મારા પરિવાર સાથે આ ક્ષણનો સાક્ષી બનવું એ એક એવી ક્ષણ છે જે હું હંમેશા યાદ રાખીશ. એન્ટોનેલી પાસે હવે ચેમ્પિયનશિપ સ્ટેન્ડિંગમાં કુલ 380 પોઈન્ટ છે, અને તેણે ચાર રેસ બાકી હોવા છતાં ચેમ્પિયનશિપ સુરક્ષિત કરી છે. વર્સ્ટપેન 261 પોઈન્ટ સાથે સ્ટેન્ડિંગમાં બીજા ક્રમે છે, જ્યારે હેમિલ્ટન 259 પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે છે. જો તેમાંથી કોઈ પણ બાકીની ચાર રેસ જીતી જાય, તો પણ તેઓ એન્ટોનેલીને પાછળ છોડી શકશે નહીં.



અમદાવાદમાં 30 નવેમ્બરથી વોલીબોલ લીગની પાંચમી સીઝન

અમદાવાદ, તા. 02 : પ્રાઇમ વોલીબોલ લીગ (પીવીએલ)ની પાંચમી સીઝન 30 નવેમ્બરથી અહીંના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાશે. નોંધનીય છે કે, તેની શરૂઆતથી જ, પ્રાઇમ વોલીબોલ લીગ દર સીઝનમાં નવા શહેરમાં આ કાર્યક્રમનું આયોજન કરીને દેશભરમાં રમત પ્રત્યે નવા પ્રેક્ષકોને આકર્ષવાનો પ્રયાસ કરી રહી છે. આ વર્ષની શરૂઆતમાં, ઈન્ટરનેશનલ વોલીબોલ ફેડરેશન (એફઆઈવીબી) એ પ્રાઇમ વોલીબોલ લીગને ભારતની પ્રથમ-ડિવિઝન પ્રોફેશનલ વોલીબોલ લીગ તરીકે માન્યતા આપી હતી. આ સિઝનમાં કુલ 10 ટીમોઅમદાવાદ ડિફેન્ડર્સ, બેંગલુરુ ટોર્પિડોઝ, કાલિકટ હીરોઝ, ચેન્નાઈ બ્લિટ્ઝ, દિલ્હી હરિકેન્સ, ગોવા ગાર્ડિયન્સ, કોચી બ્લુ સ્પાઇકર્સ, કોલકાતા થંડરબોલ્ટ્સ, મુંબઈ મીટિયર્સ અને તેલુગુ બ્લેક હોક્સ ભાગ લેશે. બેંગલુરુ ટોર્પિડોઝ ડિફેન્ડિંગ ચેમ્પિયન છે.

ઋષભ પંત પ્રથમ ફિટનેસ ટેસ્ટ પાસ ન કરી શક્યો, હવે સીધો ટેસ્ટ સીરિઝ રમશે

ન્યૂઝીલેન્ડ એ સામેની ત્રીજી બિનસત્તાવાર ટેસ્ટ પંત નહીં રમી શકે, ફિટ થયા પછી સીધા જ ટેસ્ટ ટીમમાં જોડાશે

નવી દિલ્હી, તા. 02 (પીટીઆઇ) : ભારતના મુખ્ય ટેસ્ટ બેટ્સમેનોમાંના એક વિકેટકીપર ઋષભ પંત પ્રથમ ફિટનેસ ટેસ્ટ પાસ કરી શક્યો નથી અને તેથી 7 થી 10 નવેમ્બર દરમિયાન લિંકનમાં ભારત-એની ત્રીજી બિનસત્તાવાર ટેસ્ટમાં રમે તેવી શક્યતા ઓછી છે. ગયા મહિને શ્રીનગરમાં ઈરાની કપ મેચ દરમિયાન સાઈડ સ્ટ્રેનનો ભોગ બન્યા બાદ તેને હજુ સુધી ફિટ જાહેર કરવામાં આવ્યો નથી.

પંત બેંગલુરુમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) ના સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે પુનર્વસન હેઠળ છે. યજમાન ટીમ સામેની બિનસત્તાવાર ટેસ્ટ મેચ માટે ભારત A ટીમમાં જોડાતા પહેલા તેણે ફરજિયાત ફિટનેસ ટેસ્ટ પાસ કરવી પડશે, જે તેણે હજુ સુધી પાસ કર્યો નથી.

ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકામાં ટેસ્ટ સદી ફટકારનાર 28 વર્ષીય વિકેટકીપર-બેટ્સમેન પંત થોડા દિવસોમાં બીજી ફરજિયાત ફિટનેસ ટેસ્ટ પાસ કર્યા પછી વેલિંગ્ટનમાં સીધા ટીમમાં જોડાય તેવી શક્યતા છે.

બીસીસીઆઈના એક સૂત્રએ નામ ન આપવાની શરતે પીટીઆઈને જણાવ્યું કે ન્યુઝીલેન્ડ એ સામેની ત્રીજી બિનસત્તાવાર ટેસ્ટમાં પંત રમે તેવી શક્યતા ઓછી છે. ટીમ મેનેજમેન્ટ તેને સ્વસ્થ થવા માટે થોડા વધુ દિવસો આપવા માંગે છે જેથી તે ટેસ્ટ શ્રેણી માટે ટીમમાં જોડાઈ શકે અને વેલિંગ્ટનમાં પ્રેક્ટિસ કરી શકે. બીજા ફિટનેસ ટેસ્ટ પછી જ પરિસ્થિતિ સ્પષ્ટ થશે.

ભારતીય ટેસ્ટ ટીમમાં સતત ઉપેક્ષાથી નારાજ સરફરાઝ ખાને ભડાશ ઠાલવી

સતત રન બનાવ્યા છતાં ટીમમાં સ્થાન ન મળતાં પ્રશ્ન થાય છે કે મહેનત શા માટે કરું : સરફરાઝ

સરફરાઝે પસંદગીકારો પર ઘરઆંગણે રમાતી ટેસ્ટ મેચો માટે જ પોતાને ઉપયોગી માનતા હોવાનો દાવો કર્યો



મુંબઈ, તા. 02 (પીટીઆઇ) : ડોમેસ્ટિક ક્રિકેટમાં સતત રન બનાવ્યા અને ફિટનેસમાં સુધારો કર્યા છતાં ભારતીય ટેસ્ટ ટીમમાં વાપસી ન થતાં મધ્યક્રમના બેટ્સમેન સરફરાઝ ખાને પોતાની નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે ક્યારેક થાય છે કે હું મહેનત જ શા માટે કરું છું.

રેલવે સામેની રણજી ટ્રોફી મેચના પ્રથમ દિવસની રમત બાદ 29 વર્ષીય સરફરાઝે જણાવ્યું હતું કે, રોજના 5:00 વાગ્યાના રૂટિન પછી પણ મનમાં સવાલ થાય છે કે હું આટલી મહેનત શા માટે કરી રહ્યો છું. તેણે ઉમેર્યું કે પિતા નૌશાદ ખાનની મહેનત જોઈને તે ફરી મેદાન પર જઈને રન બનાવે છે.

સરફરાઝે દાવો કર્યો હતો કે ભારતીય ટીમ મેનેજમેન્ટ તેને માત્ર ઘરઆંગણાના સ્પિન ટ્રેક માટે યોગ્ય ગણે છે. દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલાં ભારત-એ તરફથી રમતાં 60 બોલમાં ફટકારેલી સદીઓનો ઉલ્લેખ કરતાં તેણે કહ્યું કે, તેણે વિદેશી પરિસ્થિતિઓમાં પણ રન બનાવ્યા છે. ટીમમાં પસંદગી ન થવા છતાં તેણે ક્રિકેટ રમવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેણે કહ્યું હતું કે એવું નથી કે મેં ભારતની બહાર રન બનાવ્યા નથી. મેં ત્યાં પણ રન બનાવ્યા છે. આ પસંદગીકારોનો દ્રષ્ટિકોણ અને તેમનો નિર્ણય છે. મારું કામ ક્રિકેટ રમવાનું છે.

પિતા સિવાય કેરિયરમાં કોઇનો સાથ મળ્યો નથી : સરફરાઝ ખાન

પોતાના સમર્થન અંગે વાત કરતાં સરફરાઝે કહ્યું કે તેના પિતા સિવાય તેની કારકિર્દીમાં કોઈનો સાથ મળ્યો નથી. ઓફ સીઝનમાં તેણે સોશિયલ મીડિયા અને લોકોની વાતો સાંભળીને પોતાનું વજન 22 કિલો ઘટાડ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ન્યુઝીલેન્ડ સામે 2024માં વાનખેડે ખાતે છેલ્લી ટેસ્ટ રમનાર સરફરાઝે સ્પષ્ટ કર્યું કે તે દરેક તકે સખત મહેનત ચાલુ રાખશે.

રણજી ટ્રોફી રાઉન્ડ અપ

કેરળ સામે આર્ય, વિશાલ અને ઉર્વિલની અર્ધસદીથી ગુજરાતની મજબૂત શરૂઆત

અમદાવાદ : રણજી ટ્રોફી ગ્રુપ સીની અહીં આજે સોમવારથી શરૂ થયેલી એક મેચમાં ઓપનર આર્ય દેસાઈના 95 રન અને વિશાલ જયસ્વાલ તેમજ ઉર્વિલ પટેલની અર્ધસદીઓ અને બંને વચ્ચેની 111 રનની મદદથી ગુજરાતે કેરળ સામે પ્રથમ દિવસની રમતના અંતે પાંચ વિકેટે ૩00 રન બનાવીને મજબૂત શરૂઆત કરી હતી. ગુજરાતે નવ રનના ગાળામાં ત્રણ વિકેટ ગુમાવ્યા પછી ઉર્વિલ અને વિશાલે નોટઆઉટ ભાગીદારી કરી હતી. સ્ટમ્પ સમયે વિશાલ 50 અને ઉર્વિલ 63 રને ક્રિઝ પર હતા.

સૌરાષ્ટ્ર સામે લથડેલા ત્રિપુરાએ શ્રીદામ અને સેન્ટુની ભાગીદારીથી સાત વિકેટે 219 રન બનાવ્યા

અગરતલા : રણજી ટ્રોફી ગ્રુપ બીની એક મેચના આજે સોમવારે પહેલી દિવસે અહીં ત્રિપુરાએ શ્રીદામ પોલના 86 અને સેન્ટુ સરકારના 46 રનની મદદથી સૌરાષ્ટ્ર સામે પહેલા દિવસે સાત વિકેટે 219 રન બનાવ્યા હતા. સૌરાષ્ટ્રએ ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કર્યા પછી તેના બોલરોએ 28 રનમાં ત્રિપુરાની પાંચ વિકેટ ખેરવી નાંખી હતી, તે પછી પૌલ અને સરકારે મળીને શતકીય ભાગીદારી કરીને ત્રિપુરાને મુશ્કેલીમાંથી બહાર કાઢ્યું હતું.

UP સામે ધ્રુવ પટેલની સદીથી બરોડાનો સ્કોર 269/6

કાનપુર : રણજી ટ્રોફી એલિટ ગ્રુપ-એની આજે સોમવારથી અહીં શરૂ થયેલી એક મેચમાં ઉત્તર પ્રદેશ સામે બરોડાએ ધ્રુવ પટેલની સદીની મદદથી છ વિકેટે ૨૬૯ રન બનાવ્યા હતા.રમત બંધ થઇ ત્યારે મનન સોલંકી 11 અને અતિત શેઠ 9 રને ક્રિઝ પર હતા. બરોડાએ ટોસ જીતીને દાવ લીધા પછી 55 રનમાં બે વિકેટ ગુમાવી હતી, જો કે તે પછી ધ્રુવે શાશ્વત રાવત સાથે 86 રનની અને મિતેશ પટેલ સાથે 108 રનની ભાગીદારી કરીને સ્થિતિ સ્થિર કરી હતી.

મહારાષ્ટ્ર-બંગાળ વચ્ચેની મેચના પહેલા દિવસે 12 વિકેટ પડી

કોલકાતા : રણજી ટ્રોફી ગ્રુપ સીની અહીં શરૂ થયેલી એક મેચમાં આજે પહેલા દિવસે કુલ 12 વિકેટ પડી હતી. જેમાં બંગાળની ટીમ પહેલા માત્ર 143 રનમાં ઓલઆઉટ થઇ હતી. તે પછી મોહમ્મદ શમીએ પૃથ્વી શો સહિતના બે બેટ્સમેનોને આઉટ કરતાં દિવસના અંતે મહારાષ્ટ્રનો સ્કોર બે વિકેટે 21 રન હતો. આ પહેલા મહારાષ્ટ્રના બોલરોની કાતિલ બોલિંગથી એક સમયે બંગાળનો સ્કરો 72/7 હતો. તે પછી અભિષેક પોરેલ (54) અને પ્રદિપ પ્રમાણિક (31) એ આઠમી વિકેટ માટે 66 રન ઉમેરીને સ્કોર 150ની નજીક પહોંચાડ્યો.

વન ડે સીરિઝ માટે ન્યુઝીલેન્ડની ટીમ જાહેર, અનફિટ ચેપમેન, રવિન્દ્ર બહાર

ભારત સામે બુધવારથી શરૂ થતી પાંચ મેચની વન ડે સીરિઝ માટે ન્યૂઝીલેન્ડની ટીમમાં નિકોલ્સ અને સૈફર્ટનો સમાવેશ



ઓકલેન્ડ, તા. 02 (પીટીઆઇ) : ભારત સામેની પાંચ મેચની વન ડે સીરિઝ માટે આજે સોમવારે ન્યુઝીલેન્ડે પોતાની ટીમની જાહેરાત કરી હતી, જેમાં સિનિયર બેટ્સમેન માર્ક ચેપમેન અને રચિન રવિન્દ્ર હજુ સુધી તેમની ઈજાઓમાંથી સ્વસ્થ થયા ન હોવાથી તેમને ટીમમાં સામેલ કરાયા નહોતા. ચેપમેન હજુ પણ તેની હેમસ્ટ્રિંગ ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે, જ્યારે રવિન્દ્ર હજુ સુધી ખભાની ઈજામાંથી સ્વસ્થ થયો નથી.

ન્યૂઝીલેન્ડ ક્રિકેટ (એનઝેડસી) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તાજેતરના એમઆરઆઈ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે ચેપમેનને ડાબા હેમસ્ટ્રિંગની ઈજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થવા માટે બે અઠવાડિયાનો સમય લાગશે, જ્યારે રવિન્દ્ર હાલમાં જમણા ખભાની ઈજાને કારણે તેની સંપૂર્ણ ક્ષમતા મુજબ ફિલ્ડિંગ કરી શકે તેમ નથી. આ બે બાદબાકી સાથે, ચોથી અને પાંચમી વનડે માટે પસંદ કરાયેલ ટિમ સીફર્ટ હવે આખી સીરિઝ માટે ટીમમાં રહેશે, જ્યારે હેનરી નિકોલ્સ પ્રથમ ત્રણ મેચમાં રમશે. ડીન ફોક્સક્રોફ્ટને શ્રેણીની ચોથી અને પાંચમી મેચ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. મેટ હેનરીની ફિટનેસનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે જ્યારે ચોથી અને પાંચમી વનડે માટે પસંદ કરાયેલ મેટ ફિશર સમગ્ર શ્રેણી માટે વધારાના બોલિંગ વિકલ્પ તરીકે ટીમમાં રહેશે.

વન ડે સીરિઝની પ્રથમ ત્રણ મેચ માટે ન્યૂઝીલેન્ડની ટીમ

મિચેલ સેન્ટનર (કેપ્ટન), માઇકલ બ્રેસવેલ, ડેવોન કોનવે, જેકબ ડફી, મેટ ફિશર, મેટ હેનરી, કાઇલ જેમિસન, ટોમ લાથમ (વિકેટકીપર), ડેરિલ મિચેલ, હેનરી નિકોલ્સ, ગ્લેન ફિલિપ્સ, ટિમ સૈફર્ટ, નાથન સ્મિથ, વિલ યંગ, બ્લેર ટિકનેર

વન ડે સીરિઝની અંતિમ બે મેચ માટે ન્યૂઝીલેન્ડની ટીમ

મિચેલ સેન્ટનર (કેપ્ટન), ફિન એલન, માઇકલ બ્રેસવેલ, ક્રિસ્ટન ક્લાર્ક, જેકબ ડફી, મેટ ફિશર, ડીન ફોક્સક્રોફ્ટ, લોકી ફર્ગ્યુસન, મિચ હે (વિકેટકીપર), નીક કેલી, ટિમ સૈફર્ટ, વિલ યંગ, બ્લેર ટિકનેર

ઈંગ્લેન્ડ સામેની વન ડે સીરિઝ માટે ઓસ્ટ્રેલિયન ટીમમાં રેનશો, ગ્રીનનો સમાવેશ

ઓસ્ટ્રેલિયાએ ઘરઆંગણેની વન ડે સીરિઝ માટે ઝડપી બોલિંગ ત્રિપુટી સ્ટાર્ક, હેઝલવુડ અને કમિન્સને આરામ આપ્યો

બ્રિસ્બેન, તા. 02 (એપી) : ઈંગ્લેન્ડ સામેની ઘરઆંગણે રમાનારી વન-ડે સીરિઝ માટે મેટ રેનશો અને કેમેરન ગ્રીનને ઓસ્ટ્રેલિયાની ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. ઓસ્ટ્રેલિયાનું શેડ્યૂલ ખૂબ જ વ્યસ્ત છે અને તેથી 9 ડિસેમ્બરથી ન્યૂઝીલેન્ડ સામે શરૂ થનારી ચાર ટેસ્ટ મેચની શ્રેણીની તૈયારી માટે ફાસ્ટ બોલિંગ ત્રિપુટી મિચેલ સ્ટાર્ક, જોશ હેઝલવુડ અને પેટ કમિન્સને આ મહિને ઈંગ્લેન્ડ સામેની મર્યાદિત ઓવરોની સીરિઝમાંથી આરામ આપવામાં આવ્યો છે. દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટ શ્રેણી 1-2થી હાર્યા બાદ ઓસ્ટ્રેલિયાએ મર્યાદિત ઓવરના ક્રિકેટ માટે પોતાની ટીમની જાહેરાત કરી.

13, 15 અને 18 નવેમ્બરના રોજ રમાનારી ત્રણ ઘરઆંગણેની વનડે મેચ માટે ગ્રીન અને રેનશોની સાથે એલેક્સ કેરી, જોશ ઇંગ્લિસ, ટ્રેવિસ હેડ અને કૂપર કોનોલીનો ઓસ્ટ્રેલિયાની ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. મિચેલ માર્શ વનડે અને ટી-20 બંને સીરિઝમાં ઓસ્ટ્રેલિયાનું નેતૃત્વ કરશે.

ઓસ્ટ્રેલિયન વન ડે ટીમ

મિચેલ માર્શ (કેપ્ટન), ઝેવિયર બાર્ટલેટ, માહલી બીર્ડમેન, એલેક્સ કેરી, કૂપર કોનોલી, જેક એડવર્ડ્સ, કેમેરન ગ્રીન, ટ્રેવિસ હેડ, જોશ ઇંગ્લિસ, સ્પેન્સર જોહ્નસન, ઓલી પીક, મેથ્યુ રેનશો, લિયામ સ્કોટ, એડમ ઝામ્પા.

ઓસ્ટ્રેલિયન ટી-20 ટીમ

મિચેલ માર્શ (કેપ્ટન), ઝેવિયર બાર્ટલેટ, માહલી બીર્ડમેન, નિખિલ ચૌધરી, ટિમ ડેવિડ, જોએલ ડેવિસ, જેક એડવર્ડ્સ, નાથન એલિસ, જેક ફ્રેઝર મેકગર્ક, સેમ હાર્પર, સ્પેન્સર જોહ્નસન, મિચેલ ઓવેન, લચલાન શો, એડમ ઝામ્પા.

ACT : ફુકુડાના બે ગોલથી જાપાને મલેશિયાને 2-1થી હરાવ્યું

જાલંધર, તા. 02 (પીટીઆઈ) : એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટુર્નામેન્ટના અંતિમ રાઉન્ડ રોબિન મેચમાં આજે સોમવારે જાપાને અહીં એશિયન ગેમ્સના સિલ્વર મેડલિસ્ટ મલેશિયાને 2-1થી હરાવીને પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને રહ્યું હતું. જાપાને રાઉન્ડ રોબિન તબક્કામાં પાંચ મેચમાંથી નવ પોઈન્ટ સાથે અંત કર્યો.

મલેશિયાએ 10મી મિનિટમાં લીડ લીધા બાદ કેન્ટારો ફુકુડાએ 24મી અને 54મી મિનિટે જાપાન માટે બે ફિલ્ડ ગોલ કર્યા હતા. દિવસની પહેલી મેચમાં, ચીન અને બાંગ્લાદેશે ટુર્નામેન્ટની તેમની અંતિમ રાઉન્ડ-રોબિન મેચ 1-1 થી ડ્રો રમતા પોઈન્ટ ટેબલમાં તેઓ નીચેના બે સ્થાનો પર રહ્યા. ચીન અને બાંગ્લાદેશ અનુક્રમે પાંચમા અને છઠ્ઠા સ્થાને રહીને સેમિફાઈનલની દોડમાંથી બહાર થઈ ગયા. ભારત તેની છેલ્લી રાઉન્ડ રોબિન મેચમાં દક્ષિણ કોરિયા સામે ટકરાશે.

સિરાજની ચાર અને મુકેશની પાંચ વિકેટ છતાં ન્યુઝીલેન્ડ-એની સરસાઇ

ભારત-એના પ્રથમ દાવના 346 રન સામે ન્યૂઝીલેન્ડ-એનો સ્કોર 424 રન, 78 રનની સરસાઇ મેળવી

ક્રાઈસ્ટચર્ચ, તા. 02 : બે ટેસ્ટ મેચની સીરિઝ પહેલા પોતાની લય શોધી રહેલા મોહમ્મદ સિરાજે ન્યૂઝીલેન્ડ એ સામે ભારત એ માટે ચાર વિકેટ લીધી, તેની સાથે જ મુકેશ કુમારે પણ પાંચ વિકેટ લીધી છતાં આ બંને બીજી બિનસત્તાવાર ટેસ્ટ ક્રિકેટ મેચના ત્રીજા દિવસે યજમાન ટીમને પ્રથમ ઈનિંગમાં 78 રનની લીડ મેળવવાથી રોકી શક્યા નહોતા. ન્યૂઝીલેન્ડના નીચલા ક્રમના બેટ્સમેનોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. એક સમયે ન્યૂઝીલેન્ડનો સ્કોર આઠ વિકેટે 338 રન હતો, પરંતુ પછી તેઓની અંતિમ બે વિકેટે 86 રન ઉમેરતા ટીમ ભારતના 346 રનના જવાબમાં 424 રન બનાવ્યા હતા. ભારત A એ ત્રીજા દિવસે પોતાનો બીજો દાવ વિના વિકેટ ગુમાવીને 32 રન પર સમાપ્ત કર્યો, અને તેઓ ન્યૂઝીલેન્ડથી 46 રન પાછળ હતા. રમતના અંતે, યશસ્વી જયસ્વાલ 20 અને સાઈ સુદર્શન 11 રન બનાવીને રમતમાં હતા. આ પહેલા ફાસ્ટ બોલર સિરાજે 35 ઓવરમાં 118 રન આપીને ચાર વિકેટ લીધી હતી, જ્યારે અન્ય ફાસ્ટ બોલર મુકેશ કુમારે 29 ઓવરમાં 87 રન આપીને પાંચ વિકેટ લીધી હતી.

અનુસંધાન... પાના પહેલાનું

અન્ય રાજ્યોમાં પણ...

ઘટીને 0.72 કરોડ રહ્યા છે, જેમાં 0.08 કરોડ (10.07 ટકા)નો ઘટાડો નોંધાયો છે.

મણિપુરઃ મણિપુરમાં પણ ત્રીજા તબક્કામાં એસઆઈઆર યોજાયું હતું મતદારો 0.209 કરોડથી ઘટીને 0.196 કરોડ થયા હતા, જ્યાં 0.013 કરોડ (6.33 ટકા)નો ઘટાડો થયો છે.

ગોવાઃ ગોવામાં બીજા તબક્કામાં આ પ્રક્રિયા કરાઈ હતી. ગોવા એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં ડ્રાફ્ટ કરતા આખરી યાદીમાં મતદારો વધુ ઘટ્યા હતા. અહીં ડ્રાફ્ટ યાદીમાં મતદારો 0.1185 કરોડથી ઘટીને 0.1085 કરોડ થયા હતા અને ત્યારબાદ અંતિમ યાદીમાં 0.1058 કરોડ પર આવી ગયા હતા, એટલે કે 0.013 કરોડ (10.76 ટકા)નો ઘટાડો થયો હતો.

દિલ્હીમાં હવા...

(સીપીસીબી)ના જણાવ્યા અનુસાર, 301થી 400 ની વચ્ચેનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) 'અતિ નબળી' શ્રેણીમાં આવે છે, જ્યારે 401થી 500 વચ્ચેનો એક્યુઆઈ 'ગંભીર' શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવે છે.'

EDએ સુભાષ...

પહોંચીને તાજેતરની NCLTની પુનઃચૂકવણી યોજનાનો વિરોધ કર્યો હતો, જે યોજના હેઠળ લેણદારોને આશરે ૨૨,૦૦૬ કરોડ રૂપિયાના દાવા સામે ચંદ્રાની વ્યક્તિગત મિલકતમાંથી માત્ર ૯.૫ કરોડ રૂપિયા જ વસૂલવાની મંજૂરી આપવામાં આવી હતી.

ઉત્તર પ્રદેશમાં...

13.24 ટકા મતદારો ઘટી ગયા છે, જે આ પાંચેય રાજ્યોમાં સૌથી વધારે છે. ડ્રાફ્ટ યાદીમાંથી અંદાજે 2.89 કરોડ નામો હટાવવામાં આવ્યા હતા, જેમાંથી બાદમાં 0.84 કરોડ નામો ફરીથી પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા.

પાંચ રાજ્યોમાં...

નાગરિકોને અને 1 જાન્યુઆરીના રોજ કે તે પહેલા 18 વર્ષ પૂરા કરનારા નવા યુવા મતદારોને મતદાર યાદીમાં નામ નોંધાવવાની તાજી તક મળશે. ઉત્તર પ્રદેશ વિધાનસભાની મુદત આગામી વર્ષે 22 મેના રોજ પૂર્ણ થઈ રહી છે, જ્યારે પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરની વિધાનસભાઓની મુદત માર્ચ 2027માં પૂર્ણ થાય છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1950ની જોગવાઈઓ મુજબ ચૂંટણી પંચ મુદત પૂરી થવાના 6 મહિના પહેલા ચૂંટણી યોજી શકે છે.

આંધ્ર-તમિલનાડુ...

સંવેદનશીલ વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવાની પ્રક્રિયા ઝડપી બનાવી છે, જેમાં IMDએ સંકેત આપ્યો છે કે વાવાઝોડાની અસર હેઠળ રાજ્યના દક્ષિણ ભાગમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વધુ બગડતાં ભૂસ્ખલનમાં લાપતા થયેલા ૧૦ લોકોની શોધખોળની કામગીરી પણ તેજ કરવામાં આવી છે. આગામી હવામાન પ્રણાલીની અસર હેઠળ રાજ્યના અનેક ભાગોમાં હળવો વરસાદ શરૂ થતાં ઓડિશાના કેટલાક દક્ષિણી જિલ્લાઓએ ૩ નવેમ્બર સુધી શાળાઓ અને કોલેજો બંધ રાખવાની જાહેરાત કરી છે.

દિલ્હી-NCRમાં...

જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને પ્રશાંત બી. વરાલેની બેન્ચે અવલોકન કર્યું હતું કે ફટાકડા ફોડવાથી ચોક્કસપણે પ્રદૂષણ થશે, અને કોઈ ચોક્કસ ધાર્મિક રંગ ધરાવતી પરંપરામાં જોડવાનો વ્યક્તિગત અધિકાર મર્યાદિત છે અને તે બંધારણીય નિયંત્રણોની ઉપરવટ જઈ શકે નહીં. બેન્ચે ૨૯ ઓક્ટોબરના પોતાના આદેશમાં જણાવ્યું હતું કે, “જો કે સંપૂર્ણ પ્રતિબંધ લાદવો એ આદર્શ ઉકેલ જેવો લાગે છે, તેમ છતાં અમારું માનવું છે કે આ અદાલત પાસે આ તબક્કે એ નક્કી કરવા માટે પૂરતો ડેટા નથી કે ફટાકડા ફોડવાથી થતા પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યાને હલ કરવા માટે સંપૂર્ણ પ્રતિબંધ શ્રેષ્ઠ ઉકેલ હશે કે નહીં.” બેન્ચે ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ના આદેશનો ઉલ્લેખ કર્યો હતો જેમાં પરંપરાઓ અને પર્યાવરણીય તથા આરોગ્યની ચિંતાઓ વચ્ચે સંતુલન સાધવાના હેતુથી શરતો સાથે દિવાળી દરમિયાન દિલ્હી-એનસીઆરમાં ગ્રીન ફટાકડાના વેચાણ અને ફોડવાની મંજૂરી આપવામાં આવી હતી. બેન્ચે જણાવ્યું હતું કે, “ફટાકડા ફોડવાની મંજૂરી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ આ અદાલત દ્વારા પસાર કરાયેલા આદેશ મુજબ જ આપવામાં આવે છે. જે અનુસાર સત્તાવાળાઓએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે ૭ અને ૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ માત્ર સવારે ૬ વાગ્યાથી ૭ વાગ્યા અને રાત્રે ૮ વાગ્યાથી ૧૦ વાગ્યાની વચ્ચે જ ફટાકડા ફોડવાની છૂટ આપવામાં આવે. તેણે સ્પષ્ટ કર્યું કે અગાઉ લાદવામાં આવેલો ફટાકડા પરનો સંપૂર્ણ પ્રતિબંધ ૯ નવેમ્બરથી ફરીથી લાગુ થઈ જશે. બેન્ચે આ આદેશ ફટાકડા પરના પ્રતિબંધ અંગેના મામલામાં દાખલ કરાયેલી અરજીઓ પર આપ્યો હતો.

દિલ્હી ડાયરી...

જોવા માટે પોતાના પિતાને રેલીમાં ખેંચી લાવનાર 2 વર્ષનો બાળક, મંચ સંચાલકે જેવો લોકસભામાં વિરોધ પક્ષના નેતા સભાને સંબોધિત કરશે તેવી ઘોષણા કરી કે તરત જ કાર્યક્રમ સ્થળના પ્રવેશદ્વાર તરફ દોડી ગયો હતો.

પિલીભીતમાં મતદાર યાદી અનિયમિતતા સામે કમિશનની કાર્યવાહી

ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા (ઈસીઆઈ)એ ઉત્તર પ્રદેશના પિલીભીત વિધાનસભા મતવિસ્તારની મતદાર યાદીમાં કથિત અનિયમિતતાઓ બદલ 2 ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસર્સ (ઈઆરઓ)ને નિલંબિત કરવાનો આદેશ આપ્યો છે, જ્યારે રાજ્યના ચીફ ઈલેક્ટોરલ ઓફિસર (સીઈઓ)ને જાહેર સેવકો દ્વારા કાયદાનું ઉલ્લંઘન કરવા સંબંધિત સરકારી નિયમો હેઠળ તેમની સામે એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો છે. યુપીના સીઈઓ નવદીપ રિનવાને લખેલા પત્રમાં ઈસીઆઈએ જણાવ્યું હતું કે, તેણે આ મામલે સીઈઓના રિપોર્ટની તપાસ કરી છે અને મયંક ગોસ્વામી અને હેમંત ચૌધરીને નિલંબિત કરવાનો નિર્ણય લીધો છે. તેના આદેશમાં ઈસીઆઈએ વધુમાં જણાવ્યું હતું કે, ''127-પિલીભીત વિધાનસભા મતવિસ્તારના 2 ઈઆરઓને તાત્કાલિક અસરથી નિલંબિત કરવામાં આવે. તેમની ચાર્જશીટ વધુ તપાસ માટે ઈસીઆઈને મોકલવામાં આવે. દોષિત અધિકારીઓને ઈસીઆઈની પૂર્વ મંજૂરી વિના પુનઃસ્થાપિત કરવામાં આવશે નહીં.'' તેણે સીઈઓને 2 અધિકારીઓ અને એક કમ્પ્યુટર ઓપરેટર અનિલ કુમાર સામેની એફઆઈઆરમાં બીએનએસ કલમ 198 ઉમેરવા પણ નિર્દેશ આપ્યો છે, જે જાહેર સેવકો દ્વારા કાયદાની અવહેલના કરવા સાથે સંબંધિત છે.

એકતા નગરના વિઝન પર લખાયેલ પુસ્તકનું વિમોચન

ભાજપના રાષ્ટ્રીય સચિવ સ્વદેશ સિંહે 'ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી, ધ વર્લ્ડ્સ ટોલેસ્ટ સ્ટેચ્યુ' શીર્ષકથી એક પુસ્તક લખ્યું છે. આ પુસ્તક, તેઓ કહે છે કે, 'એકતા, વિઝન અને પરિવર્તનની એક અસાધારણ વાર્તાનું કેન્દ્રબિંદુ' છે. આ પુસ્તક ભારતને એકીકૃત કરવામાં સરદાર વલ્લભભાઈ પટેલની ઐતિહાસિક ભૂમિકાથી લઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કેવડિયાને એકતા નગરમાં રૂપાંતરિત કરવાના વિઝનની સફરને આલેખે છે - જે ભારતનો પહેલો પ્રવાસન જિલ્લો છે, જ્યાં પ્રવાસન, પાયાની સુવિધાઓ, રોજગાર અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિનો સંગમ થાય છે.